# શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પેટલાદ

# એન.એસ.એસ. અહેવાલ 2017-18

## NSS ઉદ્‌ઘાટન અને અભિમુખતા કાર્યક્રમ ૨૧-૦૭-૨૦૧૭

પેટલાદ ઍજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં તા. ૨૧-૦૭-૨૦૧૭ના રોજ એન.એસ.એસ. યુનિટનો ઉદ્‌ઘાટન અને અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નવા જોડાયેલા સ્વયંસેવકોને એન.એસ.એસ. પ્રવૃત્તિ અંગે જાગૃતતા કેળવવાનો અને વર્ષ દરમિયાન થનાર પ્રવૃત્તિઓનો પરિચય કેળવવાનો હતો. કોલેજના ઇન્ચાર્જ પ્રિ.ડૉ.આર.ટી.જસરાયએ કાર્યક્રમને પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં નલિની કૉલેજ વલ્લભ વિદ્યાનગરના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. નીલેશભાઇ બારોટ મુખ્ય વક્‌તા તરીકે ઉપસ્થિત રહી સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા યોજનાનો વિસ્તૃત પરિચય કરાવ્યો હતો. આ સમયે દંતાલી ગામના સરપંચશ્રી જીતુભાઇ પટેલ અન સિમરડા ગામના ઉપસરપંચશ્રી હેમેન્દ્રભાઇ પટેલ મુખ્ય મહેમાન તરીકે નિમંત્રણને માન આપી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું એન્કરિંગ સિનિયર સ્વયંસેવકોએ કર્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. અશોક પટેલ અને પ્રો. સુમનભાઇ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી સ્વયંસેવકોએ જોડાઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









## N.S.S. વૃક્ષારોપન કાર્યક્રમ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.4/8/2017ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ ગાર્ડનમાં 50 જુદા જુદા પ્લાન્ટો રોપી તેને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. યુનિટના પી.ઓ. પ્રો. એસ.,વી.પટેલ, ડૉ.એ.એન.પટેલ તથા કોલેજના આચાર્યશ્રી ડૉ. વીમલભાઇ જોષીએ ઉપસ્થિત રહી સ્વયંસેવકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.





# ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી પેટલાદ દ્વારા તા. 30-10-2017 થી તા. 1-11-2017 દરમિયાન આયોજિત **ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમમાં આપણી કોલેજના** એન.એસ.એસ.યુનિટના 22 સ્વયંસેવકોએ ભાગ લઇ તાલીમ લેળવી હતી. આ સ્વયં સેવકોને કુદરતી આપત્તિઓ સમયે કેવી સવધાનીઓ રાખવી અને આપત્તિ સમયે કેવી બચાવ કામગીરી કરવી તે માટેની તાલીમ આપવામાં આવી હતી. ઉપરાંત આ સ્વયં સેવકોને તાલીમના સર્ટીફિકેટ પણ રેડક્રોસ સોસાયટી દ્વારા એનાયત કરવામાં આવ્યા હતાં.




# બ્લડ ડોનેશન અંગે જાગૃતિ માટેનું વ્યાખ્યાન

શ્રી આર.કે.પરીખ આટર્સ એન્ડ કોલેજ પેટલાદમાં તા. 24-08-2017 ના ગુરુવારના રોજ એ.ડી.પટેલ ગોરવાલા બ્લડ બેંક, કરમસદ દ્વારા  બ્લડ ડોનેશન અંગે જાગૃતિ માટેનું વ્યાખ્યાન યોજવામાં આવેલ હતું. આ ચર્ચામાં બ્લડ બેંકના શ્રી પંકજભાઇ લિમ્બાચિયાએ બ્લડ ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું તથા  ડૉ. હિમાંશુ  પટેલે બ્લડના ઘટકોની વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી  હતી. તથા વિદ્યાર્થીઓની બ્લડ અંગેની શંકાઓનું નિરાકરણ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં પ્રિ. ડૉ. વિમલ જોષી, પ્રો. સુમનભાઇ પટેલ, પ્રો. બી.ડી.જોષી, પરેશ પટેલ, કૌશિક શાહ તેમજ પટાવાળા ભાઇઓએ  સેવા આપી હતી.






## NSS અંતર્ગત બ્લડ કેમ્પ યોજાયો 20-1-2018

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં તા. 20-1-2018 ના રોજ એન.એસ.એસ. યુનિટ અને પેટલાદ ભાજપ યુવા મોરચાના કાર્યકરો દ્વારા પેટલાદ રેડક્રોસના સહયોગથી "બ્લડ ડોનેશન કેમ્પ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પનું સફળ માર્ગદર્શન પેટલાદ ભાજપના સી.ડી.પટેલ [પૂર્વ મહામંત્રી, આણંદ લિલ્લા], ધર્મેંદ્ર પરીખ [પેટલાદ શહેર પ્રમુખ], ધર્મેંદ્ર પટેલ [બુધો], જય પટેલ, પ્રતુલ પટેલ રૂચિતપટેલ, મનિષ પટેલ, તથા ભાજપના અન્ય કાર્યકરો, સાથે રેડક્રોસથી આવેલ ડૉ. જયેશભાઇ દેસાઇ, ઉદયભાઇ શાહ અને તેમની ટીમ, તેમજ ત્રણેય કોલેજના પ્રિંસીપાલડો. વિમલ જોષી, ડૉ. રાજેશ મોદી, અનિલભાઇ કાછીયા અને એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર શ્રી સુમનભાઇ પટેલ, ડૉ. અશોક પટેલ સાથે મળી Blood Donate Camp સફળ બનાવેલ છે. આ કેમ્પમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રિંસીપાલ, પ્રોફેસર અને ભાજપના કાર્યકરોએ સાથે મળી Blood Donate કર્યું હતું જેમાં કુલ 51 બોટલ બ્લડ પ્રાપ્ત થઇ હતી.





# એન.એસ.એસ. વન ડે કેમ્પ  - 20-2-2018

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદના  એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. 20-2-2018 ના રોજ વન ડે કેમ્પનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું.  એન.એસ.એસ.ના સ્વયં સેવકો અને પ્રોફેસર વર્ગ સાથે મળીને વિના સંકોચે કોલેજ કેમ્પસની સફાઇ અભિયાન કર્યું હતું,. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લઇ ઘરે ના કરેલ કામ પણ કોલેજ કેમ્પસ સફાઇ દરમ્યાન અનુભવેલ અને સફાઇના સાધનો સાથે ફોટા પડાવી આનંદ માણ્યો હતો. અન્ય વિદ્યાર્થીઓને સફાઇનો સંદેશ આપ્યો હતો.

ત્યાર બાદ ભણતર સાથે ગણતરના ભાગરૂપે બૌદ્ધિક, વૈચારિક અને જીવન ઉપયોગી વાતો સ્વરૂપે સભાનું આયોજન કરી એકબીજાનો પરિચય અને પોતાની આગવી વિશેષતા દર્શાવી જીવનમાંભણતર સાથે આયોજનબદ્ધ કામનું વધું મહત્વ છે તે સમજાવવામાં આવ્યું હતું. સાથે કોલેજના એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર શ્રી સુમનભાઇ પટેલ અને ડૉ. અશોક પટેલ સાથે કોલેજના પ્રિન્સીપાલ અને સ્ટાફ મિત્રો હાજર રહેલ હતાં. આ પ્રસંગે પ્રિન્સીપાલ ડૉ. વીમલ જોષીએ પણ વિદ્યાર્થીઓને પોતાની વાણીથી સ્વયં સેવકોને પ્રેરણાદાયક વ્યાખ્યાન આપ્યુ હતું.










# ડિઝાસ્ટર મેનેજમેન્ટનો તાલીમ વર્ગ યોજાયો

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પેટલાદના એન.એસ.એસ. યુનિટના 60 સ્વયંસેવકોએ તા. 28-2-2018 ના રોજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી પેટલાદ શાખા દ્વારા આયોજિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ વર્ગમાં તાલીમ મેળવી હતી. આ તાલીમ રેડક્રોસ સોસાયટી પેટલાદના હોલમાં આપવામાં આવી હતી. તાલીમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ આપત્તિઓ સામે કેવી તકેદારીઓ રાખવી તે અંગે વિસ્તૃત માહિતી અને તાલીમ પ્રાપ્ત કરી હતી. આ તાલીમનો ઉદ્દેશ તાલીમાર્થીઓને ગામડાઓમાં લઇ જઇ આપત્તિઓ સમયે શુ તકેદારી રાખવી તે અંગે લોક જાગૃતતા કેળવવાનો છે. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિમલ જોષીએ આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.









PRO. S.V. PATEL / DR. A.N. PATEL

PROGRAM OFFICER

DR. VIMAL JOSHI

PRINCIPAL